ગુજરાત સરકાર

પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

પરિપત્ર ક્રમાંક :- નપમ - ૧૦૮૭ - ૨૧૦૨ - ક

સચિવાલય, ગાંધીનગર.

તા.   /૦૭/૨૦૧૨

<u>પરિપત્ર :-</u>

સરકારશ્રી સમક્ષ થયેલ રજુઆતો મુજબ રાજયની ગ્રામ પંચાયતોના પૂર્ણકાલીન પટાવાળાઓને લધુતમ વેતન દર મુજબ વેતનની ચૂકવણી કરવામાં આવતી નથી. લધુતમ વેતનના દર સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગ ના જાહેરનામા તા.૧૧/૨/૨૦૦૯ થી નકકી કરવામાં આવેલ છે. તેમ છતાં ઘણી ગ્રામ પંચાયતો ધ્વારા તેનો અમલ કરી પૂર્ણકાલીન પટાવાળાઓને લધુતમ વેતન ચૂકવવામાં આવતું નથી.

૨. આથી સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને તાલુકા વિકાસ અધિકારીશ્રીઓને સૂચના આપવામાં આવે છે કે, વખતો વખત પ્રવર્તમાન લધુતમ વેતન દર મુજબનું ચૂકવણું ગ્રામ પંચાયતોએ તેઓના પૂર્ણકાલીન પટાવાળાઓને કરવું.

૩. ગ્રામ પંચાયતો તરફથી લધુતમ વેતન દર મુજબનું વેતન તેઓના પૂર્ણકાલીન પટાવાળાઓને ચૂકવાય તે જોવાની જવાબદારી સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓની રહેશે.

૪. પ્રસ્તુત બાબતે આ વિભાગ ધ્વારા અગાઉ તા.૨૫/૪/૮૬ અને તા.૧૦/૨/૮૭ ના પરિપત્રો ક્રમાંક. પરચ /૧૦૮૬/૭/ચ તથા તા.૧૦/૯/૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક. નપમ/૧૦૨૦૦૮/૨૦૩/ક તથા તા.૨૪/૨/૧૦ ના પત્ર થી પણ સૂચના આપવામાં આવેલ.

૫. ઉપરોકત સૂચના સર્વે ગ્રામ પંચાયતોના ધ્યાન પર લાવવા સંબંધકર્તાઓને વિનંતી કરવામાં આવે છે. અને તેનો ચૂસ્ત પણે અમલ થાય તે જોવા વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરને જણાવવામાં આવે છે.

ગુજરાત ના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આઇ.એમ.શેખ)

નાયબ સચિવ

પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.

પતિ,

- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે તાલુકા વિકાસ અધીકારીશ્રીઓ
- સિલેકટ ફાઇલ